C.C.No.3681/2024

**દાહોદના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમા, મુ.દાહોદ.**

ફોજદારી કેસનં.૩૬૮૧/૨૦૨૪
**આંક–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ઉમેશભાઈ લાલાભાઈ ગોહીલ
રહે. ગાંગરડી ગાળા ફળીયા ગામ–દાહોદ, તા.જી.દાહોદ

**ગુનો : ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબ.**

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ કલાક–૧૧:૧૫વાગ્યે મુવાલીયા ક્રોસીંગ ચોકડી પાસે તમોની મો.સા. જીજે ૨૦ બીબી ૬૭૧૬ પુરઝડપે અને ગફલતભરી રીતે બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ છે તે મતલબની ફરીયાદ ફરીયાદીએ દાહોદ ટાઉન એ ડીવીઝનમા નોં ધાયેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપી હાજર થતા આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામા આવેલ, ત્યારબાદ આરોપીને આંક–૩ વાળી પ્લી વાંચી સમજાવી નોંધના પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય આંક–૪ થી ગુના કબુલાત પુરશીષ રજુ કરી કોઈ ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે અને તેમનો આ પ્રથમ ગુનો હોય હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીની મૌખીક પુછપરછ કરતા જણાય છે કે, તેઓ મજુરી કરે છે તે હકીકત તેમજ ગુના કબુલાતને ધ્યાને લઈ આરોપીને હળવી સજા કરવુ વ્યાજબી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

C.C.No.3681/2024

## –: હુકમ :–

આ કામના આરોપી **ઉમેશભાઈ લાલાભાઈ ગોહીલ,**રહે.ગાંગરડી ગાળા ફળીયા, ગામ.દાહોદ,તા.જી.દાહોદનાઓને બી.એન.એસ.એસની કલમ –૨૭૫ અન્વયે તેઓની સામેના બી.એન.એસ.કલમ–૨૮૧ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂ.**૫૦૦/–**(એકં રૂપીયા પાચસો પુરા)નો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો આરોપી દંડ ન ભરે તો વધુ દિન–૦૨ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૪મી, માહે:સપ્ટેમ્બર, સને:૨૦૨૪ના રોજ યોજાયેલ સ્પેસીયલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪
દાહોદ.

(પ્રજ્ઞેશ સુધીરચંદ્ર સુચક)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, દાહોદ.
જીજે–૦૧૧૧૮.